# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM PATEL JUNAGADH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સાસણગીરમાં ગીર જંગલ  સફારીની મુલાકાત લઈ સિંહદર્શન કર્યા. તેમણે ગીરમાં સિંહના સંવર્ધન માટેની બહુસ્તરીય કામગીરીની માહિતી મેળવી વનકર્મીઓને પ્રોત્સાહિત કર્યા.       શ્રી પટેલે વહેલી સવારે સાસણગીરમાં જંગલ સફારીનો નજારો માણ્યો.  તેમજ ગીર સફારીમાં કેરંભા થાણા વિસ્તારની મુલાકાત લીધી. આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(VOICECAST: SANJIV MEHTA)

. . . . . . . . . . . . .

# ITI TALIM GUJ

રાજ્યમાં કાર્યરત્ 288 જેટલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ – I.T.I-માં ગત ત્રણ વર્ષમાં બે લાખથી વધુ તાલીમાર્થીઓને તાલીમ અપાઈ છે. 15 હજારથી વધુ યુવતી સહિત એક લાખથી વધુ યુવાનો નોકરી-રોજગારી અને વિવિધ સ્વરૂપે સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બન્યા છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

વર્ષ 2025-26-માં રાજ્યની તમામ સરકારી - ITIમાં નૅશનલ કાઉન્સીલ ફોર વૉકેશનલ ટ્રૅઇનિંગ- NCVT પૅટર્નના 75 રાષ્ટ્રીય કક્ષાના તેમજ ગુજરાત કાઉન્સીલ ઑફ વૉકેશનલ ટ્રૅઇનિંગ- GCVT/SCVT પૅટર્ન હેઠળના 29 રાજ્યકક્ષાના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ કાર્યરત્ કરાયા છે. તેમાં એક લાખથી વધુ બેઠક પર યુવાઓ તાલીમ લઈ રહ્યા છે.

. . . . . . . . . . . . .

# GUJ TABLEAU FIRST NUMBER

નવી દિલ્હીના કર્તવ્યપથ પર 77-મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે યોજાયેલા પરેડમાં ગુજરાતના ટૅબ્લોએ ઇતિહાસ સર્જ્યો છે. ગુજરાતના ટૅબ્લોએ "પૉપ્યુલર ચૉઇસ એવૉર્ડ" શ્રેણીમાં સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. અગાઉ વર્ષ 2023, 2024 અને 2025માં એમ સળંગ ત્રણ વર્ષ ગુજરાતના ટેબ્લો આ જ શ્રેણીમાં પ્રથમ પુરસ્કાર મેળવી ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ્' વિષયવસ્તુ આધારિત ટૅબ્લોએ ભારે ઉત્સુકતા અને આકર્ષણ જમાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માહિતી કમિશનર કચેરી દ્વારા તૈયાર કરાતા ગુજરાતના ટૅબ્લો અંગે જણાવ્યું હતું કે, રાષ્ટ્રભક્તિની સાથે રાજ્યના સ્વાતંત્ર્ય વીરોના યોગદાનને ઉજાગર કરતા ગુજરાતના ટૅબ્લોને લોકોએ ઘણો પસંદ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# PADMASHREE AWARDEE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વર્ષ 2026ના 131 પદ્મ પુરસ્કાર એનાયત કરવાની મંજૂરી આપી છે. તેમાં સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે યોગદાન બદલ રાજ્યના રતિલાલ બોરીસાગરને પદ્મશ્રી પુરસ્કાર આપવાની જાહેરાત થઈ છે. ત્યારે ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ આજે અમદાવાદમાં તેમની સાથે મુલાકાત કરી. આ અંગે લેખક રતિલાલ બોરીસાગરે વધુમાં શું કહ્યું સાંભળીએ.

(BYTE: RATILAL BORISAGAR, PADMASHREE AWARDEE)

ઉલ્લેખનીય છે કે, લેખક રતિલાલ બોરીસાગર હાસ્ય સંગ્રહ , નવલકથાઓ અને લોકપ્રિય કૉલમ માટે જાણિતા છે. તેમણે 17થી વધુ પુસ્તક અને બાળકો માટે છ પુસ્તક લખ્યા છે.

. . . . . . . . . . . . .

# HIMMATNAGAR PANCHAYAT

સાબરકાંઠામાં હિમ્મતનગરના ધારાસભ્ય વી. ડી. ઝાલાએ દેસાસણ ગામમાં નવા પંચાયત મકાનનું ખાતમુહૂર્ત કર્યું. 25 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા મકાનમાં વિવિધ પ્રકારની સુવિધા હશે. આ અંગે ધારાસભ્યએ જણાવ્યું કે , રાજ્ય સરકાર ગ્રામ્ય વિકાસને અને મજબૂત પંચાયતીરાજ વ્યવસ્થાને વિશેષ પ્રાથમિકતા આપી રહી છે.

. . . . . . . . . . . . .

# KACHCHH BHUKAMP

કચ્છમાં આજે ફરી ભૂકંપના આંચકાઓ અનુભવાયા. બપોરે 1 :56 વાગ્યે આવેલા ભૂકંપનું કેન્દ્ર બિન્દુ ભચાઉથી 11 કિલોમીટર દૂર નોંધાયું છે. જ્યારે ભૂકંપની તીવ્રતા રૅક્ટર સ્કેલ પર ૩.5-ની માપવામાં આવી હોવાનું ગાંધીનગરની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું.

. . . . . . . . . . . . . .

# RANJI MATCH TODAY

ક્રિકેટની રણજી ટ્રૉફીની ગૃપ સી-માં આજે ગુજરાત અને ત્રિપુરા વચ્ચે મૅચ રમાઈ રહી છે. અગરતલામાં મહારાજા બીર બિક્રમ કૉલેજ સ્ટેડિયમમાં હાલમાં રમાતી મૅચમાં ગુજરાતની ટીમ પહેલા બેટિંગ કરી રહી છે. ગુજરાતે અત્યાર સુધીમાં 62 ઑવરમાં 5 વિકેટ ગુમાવી 156 રન કર્યા છે. ત્રિપુરા તરફથી સુકાની મણિશંકર મુરાસિંઘ અને સંદિપ સરકારે બે-બે અને અભિજીત કે. સરકારે એક વિકેટ લીધી છે.

. . . . . . . . . . . . .

# WPL CRICKET VADODARA

મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ટી-20 ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટૅડિયમમાં આજે સાંજે 7:30 વાગ્યે આ 18-મી મૅચ શરૂ થશે. બેંગ્લુરુની ટીમ સ્મૃતિ મંધાના અને યુપીની ટીમ મૅગ લૅનિંગની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે. હાલ પૉઈન્ટ ટેબલ પર બેંગ્લુરુની ટીમ પહેલા અને યુપીની ટીમ પાંચમા ક્રમાંકે છે.

. . . . . . . . . . . . .